
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH



પુસ્તક : ૯૬ 卐 અંક ૧૧-૧૨

ભાદરવો-આસો
સપ્ટેમ્બર-ઓક્ટોબર : ૯૯

આત્મ સંવત : ૧૦૩
卐
વીર સંવત : ૨૫૨૫
卐
વિક્રમ સંવત : ૨૦૫૫

अस्थिरं भौतिकं सौख्यं तत्र सम्मुह्य नोचितम् ।
सनातनसुखाध्वानं प्रति वैमुख्यधारणम् ।।

ભૌતિક સુખ સ્થિર નથી, માટે તેમાં મોહિત બની
શાશ્વત સુખના માર્ગ પ્રત્યે વિમુખ બનવું એ ઠીક નથી.

Material happiness is unsteady, so it is not proper for a person to be affected by illusory attachment to it and consequently to ba averse to the path leading to permanent happiness.

(કલ્યાણભારતી ચેપ્ટર-૭ : ગાથા-૧૦ * પૃષ્ઠ ૧૬૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અ...નુ...ક્ર...મ...ણિ...કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પ્રભુ તું એક જ તારણહાર .... .... | પ્રેષક : અરવિંદ સી. બુટાણી | ૮૧ |
| (૨) | ઘર ઘર દીપ જલે .... .... | .... "જીવન સાધના"માંથી સાભાર.... | ૮૨ |
| (૩) | દીવાળી પર્વનું મહત્વ અને રિદ્ધિ-સિદ્ધિ .... .... | મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ | ૮૩ |
| (૪) | માણસ સરળ અને સહજ હોય તો તે જે કરે તેમાં કલ્યાણ સધાતું રહે .... .... .... | મહેન્દ્ર પુનાતર | ૮૫ |
| (૫) | ધન્ય તને પુણિયા.... .... .... .... | કલાપીબેન નવીનચંદ્ર મહેતા | ૮૯ |
| (૬) | શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર દ્વારા સ્કોલર વિદ્યાર્થીઓનું સન્માન કરાયું .... .... | અહેવાલ-મુકેશ સરવૈયા | ૯૨ |
| (૭) | પૂ. શ્રી જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ * હપ્તો : ૧૫મો) .... | — | ૯૪ |
| (૮) | સજા નહિ, ઇનામ !.... .... | .... "દૃષ્ટાંત રત્નાકર"માંથી સાભાર.... | ૯૮ |
| (૯) | કર્મ યોગ .... .... .... | .... નરોત્તમદાસ અમુલખરાય કપાસી | ૧૦૧ |
| (૧૦) | શું સચ્ચાઇની કદર નથી જ? .... .... | .... શ્રી કલાવતીબેન વોરા | ૧૦૩ |
| (૧૧) | કપર્દિ શ્રાવકની કથા .... .... .... | પ્રેષક : દિવ્યકાંત સલોત | ટા. પે. ૩ |


આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

**શ્રી પ્રતાપરાય મોહનલાલ શાહ (દાઠાવાળા) મુંબઇ-૫૬**

આ સભાના નવા આજીવન સભ્યશ્રી

**શ્રી હેમંતકુમાર ચંપકલાલ શાહ-ભાવનગર**

**શ્રી ધનવંતરાય અમુલખરાય શાહ-ભાવનગર**

## ....મંગલ દિવાળી....

વરસ વિદાય થઇ ગયું પણ પાપો એમના એમ ઉભા રહી ગયા.... હિસાબના ચોપડા ચોખ્ખા થઇ ગયા પણ કષાયના ચોપડા ગોટાળાવાળા જ રહ્યા....

હસતા મુખે સાલ મુબારક તો કરી આવ્યા.... પણ અંતરમાં પ્રગટેલી રાગ-દ્વેષની હોળી ઠરી નહિં તેનું શું ?

નૂતન વર્ષના મંગલ પ્રભાતે સહૃદયતા, સરળતા, સજ્જનતા, ગંભીરતા અને નમ્રતા જેવા ઉત્તમ ગુણોના સ્વામી બનવાનો દૃઢ સંકલ્પ કરીએ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

## પ્રભુ તું એક જ તારણહાર

પ્રભુ તું એક જ તારણહાર,
દુનિયા બે ધારી તલવાર.

દુનિયાનું જો ગાણું ગાઇએ,
તો તો સૌને વહાલા થઇએ.
નહીંતર નેક નમે તલવાર....દુનિયા બે ધારી૦ ૧

દુનિયા ન જુએ ખરૂં કે ખોટું,
માથે આળ ચડાવે મોટું.
જુઠા બણગાની ફેંકનાર....દુનિયા બે ધારી૦ ૨

દુનિયા મન ફાવે તેમ બોલે,
ભક્તો ઉપર આભલા તોલે.
મનમાં કરે ન કાંઈ વિચાર....દુનિયા બે ધારી૦ ૩

પ્રભુના ભક્તો પ્રભુ ગુણ ગાયે,
એમને મન બીજું કાંઇ ન ભાવે.
તોયે ડગલે ડગલે માર....દુનિયા બે ધારી૦ ૪

પણ જેને તું પોતે રાખે,
તેને કાંઇ કોઇ ન ચાખે.
આંખો ચોળી રહે સંસાર....દુનિયા બે ધારી૦ ૫

પ્રેષક : અરવિંદ સી. બુટાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શુભ કામના

# ઘર ઘર દીપ જલે

દીપાવલી આવશે અને ચાલી જશે. મુખેથી શુભેચ્છાનું ઉચ્ચારણ કરશો, કલમથી શુભેચ્છા કાર્ડ પર સહી કરશો પરંતુ જો તમે નિરાશ માણસોમાં આશા ન ભરી શકો, કોઈની અંધારી કોટડીમાં સહયોગનો દીવો ન પેટાવી શકો તો દિવાળી અધૂરી છે.

ઘરમાં દીવો કરી મંદિરમાં દીવો કરીએ છીએ. પહેલા અંતરના આવાસના અંધારાને જ્ઞાનરૂપી દીવાથી અજવાળો, ક્રૂરતાના અંધકારને કરૂણાના દીપથી હઠાવો, વૈર-વિરોધના કચરાને સાફ કરીને પ્રેમનો દીપક પ્રગટાવો તો તમારે સદાય દીવાળી જ છે....

જો આપણો બંગલો દીવાઓથી પ્રકાશિત થાય અને બીજાના આંગણામાં અંધારૂ રહે તો આપણે સાચી દિવાળી મનાવી નથી. જો દીવો પ્રેમ, સહયોગ અને કરૂણાથી પ્રગટે તો દિવાળીનો સાચો આનંદ મળે.

અસત્ પર સત્નો વિજય, અંધકાર પર પ્રકાશનો વિજય, જ્ઞાનથી અજ્ઞાનનો નાશ એ જ દીપાવલી છે. દીવાની હારમાળાની માફક જીવનમાં ગુણોની હારમાળા પ્રગટાવવાની પ્રેરણા દીવાળી આપે છે.

એક દીવો બીજા દીવાને પ્રગટાવે છે, તેમ તમારે બીજાને મદદરૂપ થઈ બીજાના દુઃખ, ગરીબાઈ, નિરાશા, હતાશા અને અભાવને મટાડવા તત્પર થવાનું છે. અમારી શુભ કામના છે કે દરેકના અંતરમાં પ્રેમના અને સ્નેહના દીવા પ્રગટો....

[ 'જીવન સાધના'માંથી સાભાર ]

---

શ્રી જૈન આત્માનંદ સભાના કારોબારીના સભ્યશ્રીઓ પાઠવે છે....




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દીવાળી પર્વનું મહત્વ અને રિદ્ધિ-સિદ્ધિ

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ
( ચૂડા )

દિવાળી પર્વના દિવસોમાં ભગવાન મહાવીર પ્રભુના આદેશ-ઉપદેશને ધ્યાનમાં રાખી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાના ચોપડાનું આપણે સહુ શારદાપૂજન કરીએ અને જીવન ધન્ય બનાવીએ.

લૌકિક દૃષ્ટિએ દીવાળીપર્વની પ્રવૃત્તિ માટે જુદા જુદા અનેક હેતુઓ પ્રસિદ્ધ છે, પરંતુ લોકોત્તર દૃષ્ટિએ જૈનદર્શનના મંતવ્ય પ્રમાણે દિવાળીપર્વના પ્રવર્તનનું મુખ્ય કારણ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનું નિર્વાણ છે.

દિવાળીના દિવસે ચોપડા પૂજનની શરૂઆત કરતાં જૈન વેપારીભાઇઓ ગૌતમસ્વામીની લબ્ધિ, શાલિભદ્રની રિદ્ધિ અને અભયકુમારની બુદ્ધિ તથા કયવન્ના શેઠ જેવા સૌભાગ્ય માટેની માગણી કરે છે. આ માગણી તો ઉત્તમ પ્રકારની છે. વસ્તુની પ્રાપ્તિ માટે માત્ર ઇચ્છાની નહીં પણ સાથોસાથ ઉપાસનાની પણ આવશ્યકતા છે

ગૌતમસ્વામીએ અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી, પણ તેની પાછળ મહાન તપની આરાધના હતી. તપ કર્યા સિવાય ચોપડામાં ગૌતમસ્વામીની લબ્ધિ પ્રાપ્ત થજો એમ લખવાથી લબ્ધિઓ પ્રાપ્ત થતી નથી જેને લબ્ધિ જોઇએ તેણે તપ કરવું જ રહ્યું. આવા શુદ્ધ તપની સાથો સાથ સ્વસ્થતા, પ્રસન્નતા અને વિશુદ્ધતા આપોઆપ આવતાં જ જાય છે. આવા તપસ્વીઓ માગે કે ન માગે તો પણ લબ્ધિઓ તેને મળે જ છે.

શાલિભદ્રની રિદ્ધિના મૂળમાં તેની દાનવૃત્તિ કારણભૂત હતી. પૂર્વજન્મમાં જ્ઞાન અને સંસ્કાર ન હોવા છતાં, માતા પાસે રડીરડીને ખાવા માટે તૈયાર કરાવેલી ખીર, જરાએ આંચકો ખાધા સિવાય મુનિરાજના પાત્રામાં ઉલ્લાસ અને ભાવપૂર્વક વહોરાવી દીધી હતી. શાલિભદ્રે રિદ્ધિ-સિદ્ધિ મેળવવા અર્થે આ ક્રિયા ન કરી હતી પણ નિર્મમતા અને ભક્તિભાવે આ કાર્ય કર્યું હતું. જેના ફળરૂપે રિદ્ધિ ન ઇચ્છી હોવા છતાં બીજા જન્મમાં તેને તે પ્રાપ્ત થઇ હતી.

અભયકુમારની બુદ્ધિના મૂળમાં તેની પિતૃ-ભક્તિ મુખ્ય કારણરૂપ હતી. જન્મથી જ વિરક્ત હોવા છતાં તેના પિતા શ્રેણિક પ્રત્યે તેની ભક્તિ અને ભાવ અનન્ય હતાં. સંયમી, તપસ્વી અને વિરાગી હોવા છતાં અભયકુમારે પોતાના પિતાની કોઇપણ ઇચ્છાને અતૃપ્ત રહેવા દીધી ન હતી. રામની દશરથ પ્રત્યેની ભક્તિ અને ભીષ્મ પિતામહના મહાન ત્યાગ કરતાં પણ અભય-કુમારની પિતા માટેની નિર્મળ કર્ત્તવ્ય બુદ્ધિ વધારે પ્રશંસાપાત્ર છે.

કયવન્ના શેઠના સૌભાગ્યની માંગણી કરનારા-ઓમાંથી ઘણા વેપારી ભાઇઓને તેમના જીવનની માહિતી પણ નહીં હોય. રાજગૃહમાં ધનેશ્વર નામના શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો અને તેનું નામ કૃતપુણ્યક પાડયું. પુણ્ય કહીને, પુણ્ય ભોગવતાં જ બાળક જન્મ્યો એટલે તેનું કૃતપુણ્યક નામ યથાર્થ જ હતું. જન્મથી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્વિકારી અને નિષ્પાપી એકનો એક પુત્ર હોવાથી, માતા-પિતાને તે સાધુઓના સંગાથમાં રહે એ ન રૂચ્યું. ભૌતિક સુખો અને વૈભવથી દૂર નાસતાં હોવા છતાં ભોગાવલી કર્મો તો ભોગવ્યે જ છૂટકો. પિતાએ પુત્રને વૈભવ અને વિલાસના માર્ગે દોરવવા વેશ્યાની સોબત કરાવી. ધનનો નાશ થતા વેશ્યાની પ્રીતિનો પણ અંત આવ્યો. પૂર્વજન્મના કર્મોદયના કારણે કૃત-પુણ્યકને ધનાશેઠના મૃત્યુ પામેલા પુત્ર જિનદત્ત શેઠની સંતાન વિહીન ચાર પત્નીઓના પતિદેવ તરીકે રહેવાનું થયું. બારવર્ષના ગૃહસંસારના અંતે ચાર પુત્રોનો પિતા થયો. પછી તો શ્રેણિક રાજાનું અર્ધું રાજ મળ્યું અને તેની પુત્રી મનોરમા સાથે લગ્ન પણ કર્યા. પોતાના પૂર્વ-જન્મની હકીકત અને સંસારની વિચિત્રતાનું સ્વરૂપ ભગવાન મહાવીર પાસેથી સમજી કૃત-પુણ્યક શેઠે બધું છોડી ત્યાગના પંથે પડી દીક્ષા લીધી. આ કૃતપુણ્યક શેઠ તેજ ચોપડામાં લખાતાં કયવન્ના શેઠનું સાચું નામ છે. એનું સૌભાગ્ય ઉત્તમ પ્રકારનું હતું, તેમાં શંકા નથી.

આ મહાન આત્માઓએ નીતિ, સદાચાર, શીલ અને ચારિત્રના માર્ગે બધી રિદ્ધિ-સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. નીતિ, સદાચાર, શીલ અને ચારિત્રના માર્ગે જનાર માટે દયા, મૈત્રી, બંધુતા, વાત્સલ્યભાવ, સત્યતા, પ્રમાણિકતા, ઉદારતા, ક્ષમા, પરોપકાર વગેરે સદ્ગુણો કેળવવા જોઈએ. આવા મહાન આત્માઓએ જે રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરેલી તેવી રિદ્ધ-સિદ્ધિની માગણી કરતી વખતે એમના અને આપણા જીવનલક્ષ્ય સંબંધની અસમાનતાનો ખ્યાલ કરી, એમના અને આપણા જીવનલક્ષ્ય વચ્ચે કેવી અને કેટલી સુસંગતિ અને વિસંગતિ રહેલી છે તેનો આપણે વિવેકપૂર્વક વિચાર કરવો જોઇએ. ઇચ્છા અને અભિલાષા મુજબ વસ્તુઓની પ્રાપ્તિમાં સાચું સુખ નથી. પરંતુ સાચું સુખ તો ઇચ્છા અને અભિલાષાના અભાવમાં જ રહેલું છે.

મહાન લબ્ધિઓ, રિદ્ધિ-સિદ્ધિ અને સુખો મળ્યાં છતાં એમના અધિકારીઓએ એ બધામાં ન રાચતાં, તેને છોડી ત્યાગ-સંયમનો માર્ગ સ્વીકાર્યો હતો, તે પણ આપણે યાદ રાખવું જોઈએ. રિદ્ધિ-સિદ્ધિઓની ઇચ્છા હોવા છતાં અને તે માટે દરેક દિવાળીએ માગણી કરવા છતાં શા માટે હંમેશા આપણને દુઃખ, ચિંતા, ઉદ્વેગ અને વ્યાકુળતા અનુભવવા પડે છે? ચોપડાના સરવૈયામાંથી આ હકીકત ન સમજી શકાય. આપણી જીવન પદ્ધતિમાં જ દોષ છે રિદ્ધિ-સિદ્ધિઓ મેળવવા માટે તો જીવન પદ્ધતિનું સરવૈયું કાઢવું જરૂરી છે. એ સરવૈ-યામાંથી આપણને ખાતરી થશે કે દુઃખ, ચિંતા, ઉદ્વેગ અને વ્યાકુળતા એ આપણા પોતાના જ દોષોનું પરિણામ છે.

આ રીતે ચોપડા પૂજનની સાથોસાથ આપણી જીવન પદ્ધતિનો વિચાર કરી તેનું પૃથક્કરણ કરવું પણ અત્યંત જરૂરી છે. જૈનશાસનની સચોટ માન્યતા પ્રમાણે દિવાળીપર્વનું મહત્ત્વ સંક્ષેપમાં અહિં રજુ થયું છે. આ દિવાળીપર્વના દિવસોમાં ભગવાન મહાવીરના આદેશ-ઉપદેશો આપણે સહુ કોઇ વિચારીએ, જીવનના ગુણ-દોષનું સરવૈયું કાઢીએ અને જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના-ચોપડાનું શારદા પૂજન કરી જીવન ધન્ય બનાવીએ એજ મારી અને તમારા સર્વની શુભભાવના.... ॐ શાન્તિ....

[ શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૫૮ માંથી સાભાર ]

# માણુસ સરળ અને સહજ હોય તો તે જે કરે તેમાં કલ્યાણ સધાતું રહે

મહેન્દ્ર પુનાતર

આત્માનું કલ્યાણ સાધવું એટલે એવી ઊંચાઇ પર ઉઠવું કે જ્યાં જીવન ખુદ ધર્મ બની જાય. માણુસ સરળતાથી અને સહજતાથી વહેતો રહે, પ્રેમના પુષ્પો ખીલે, જ્યાં અહંકાર ન હોય, રાગ–દ્વેષ અને લોભ ન હોય, સ્વાર્થ, લાલસા અને ન હોય અને મન તૃપ્ત બની જાય પછી કશું મેળવવાની અપેક્ષા જ ન રહે. આવી સ્થિતિમાં માણુસ જ્યાંથી પણ વિચરે ત્યાં સુગંધ ફેલાઇ જાય અને તેની છાંયામાં આવતા સર્વેનું કલ્યાણ સધાય.

જે માણુસ બીજાનું કલ્યાણ કરવા ઇચ્છે છે તેણે પ્રથમ પોતાનું કલ્યાણ કરવું જોઇએ. પોતાની જાતને એટલી સરળ અને સહજ બનાવવી જોઇએ કે એ પછી તે જે કાંઇ કરે એમાં બીજાનું કલ્યાણ જ હોય. બીજાની સેવા કરવા, બીજાનો ઉદ્ધાર કરવા અને બીજાનું કલ્યાણ સાધવા માટે ઢંઢેરો પીટવો પડતો નથી. વૃક્ષ પોતાની છાંયાને પ્રસારીને જેમ ઊભું હોય છે તેમ આવો માણુસ પોતાની સદ્‌ભાવનાની આભાને પ્રસારીને જ ઊભો હોય છે. રસ્તા પર ચાલતો માણુસ જેમ વૃક્ષ નીચે ઊભો રહીને શીતળતાનો અનુભવ કરે છે તેમ આવા માણુસોના સાનિધ્યમાં આવનારા માણુસો શાતા અનુભવે છે. વૃક્ષ કોઇને કહેતું નથી કે મેં કેટલા લોકોને છાંયો આપ્યો અને તેને ધન્યવાદની પણ કોઇ અપેક્ષા નથી. વૃક્ષ તો અનુગ્રહિત બને છે કે, કોઇને તેની છાંયા કામ આવી.

માણુસ જેટલો ઊંચો ઉઠે છે તેટલો સરળતાથી તે બીજાનું ભલું કરતો રહે છે. બીજાનું ભલું કર્યાનો તે અહેસાસ પણ અનુભવતો નથી. તે સત્કર્મો કરતો રહે છે તેનો લાભ કોને મળે છે તે જોતો નથી. એક નદીની જેમ તે વહે છે તેના નીર કોણુ પીએ છે તેનો ખ્યાલ કરતો નથી. તે જે કાંઇ કરે છે તે અનાયાસે થઇ જાય છે. તેની તેને ખબર પણ પડતી નથી. આવો સરળ અને સહજ માણુસ સંત જેવો હોય છે. તે કદિ બીજાનું અહિત કરતો નથી. પ્રાણી માત્ર પ્રત્યે તેના દિલમાં પ્રેમ, દયા અને કરુણા હોય છે.

જે લોકો સેવાનો, બીજાનું ભલું કરવાનો ઢંઢેરો પીટતા હોય છે તેઓ હકીકતમાં કશું કરતા નથી. તેઓ થોડું કરીને વધુ બતાવવાનો પ્રયાસ કરતા હોય છે. તેઓ જે કાંઇ થોડુંઘણું કરે છે તે પણ વ્યર્થ હોય છે. તેમાંથી કશું પરિણામ ઊભું થતું નથી. માત્ર અહંકારને તૃપ્તિ મળે છે. માણુસ પોતાના દૈનિક જીવનમાં નાના મોટા ભલાઇના કામો કરી શકે છે. જેમાંથી પોતાને કશો અંગત લાભ થવાનો નથી, એવું જાણુવા છતાં જે જાતે ઘસાઇને નાના–મોટા સેવાના, પરમાર્થના કાર્યો કરતો રહે તે માણુસ સંત જેવો છે. આ અંગે આચાર્ય રજનીશની એક દૃષ્ટાંત કથા સમજવા જેવી છે.

એક ફકીરના જીવનમાં અદ્‌ભુત ઘટના બની અને તે દેવલોકમાં પહોંચી ગયો. દેવોએ કહ્યું, 'અમે તારા પર ખુશ છીએ. તને વરદાન આપવા ઇચ્છીએ છીએ'.

ફકીરે કહ્યું 'હવે માગવા જેવું કશું જ રહ્યું નથી. તમે મળ્યા એટલે બધું જ મળી ગયું, હવે કોઇ અપેક્ષા નથી'.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવતાઓએ ખૂબ આગ્રહ કર્યો અને કહ્યું 'લોકો અમારી પાસે વરદાન માગવા આવે છે અને અમે તો તને સામેથી આપવા માગીએ છીએ. તું સ્વીકાર નહીં કરે તો દેવલોકનું અપમાન ગણાશે'.

ફકીરે કહ્યું 'પ્રભુ તમારૂ અપમાન થાય એમ હું ઇચ્છતો નથી. આપ જે આપશો તે સ્વીકારી લઇશ'.

દેવતાઓએ કહ્યું, 'તું બીજાનું કલ્યાણ સાધી શકે એવું સામર્થ્ય અમે તને આપવા માગીએ છીએ'

ફકીરે કહ્યું 'બીજાનું કલ્યાણ કરવાવાળાઓએ ઘણું અકલ્યાણ કરી નાખ્યું છે. પ્રભુ આ કામ મારાથી નહીં થાય'.

## માત્ર પાપનો બોજ નહીં, સત્કાર્યોનો બોજ પણ માણસને કચડી નાખે છે

દેવતાઓએ કહ્યું, 'તું જે ઊંચાઇ પર પહોંચ્યો છે ત્યાં તારાથી બીજાનું કલ્યાણ થઇ શકશે'.

ફકીરે કહ્યું 'એ વાત બરાબર છે પરંતુ મને બીજો કોઇ દેખાતો નથી. હું કોનું કલ્યાણ કરીશ હું તો સર્વમાં ખુદને જોઇ રહ્યો છું'.

દેવતાઓએ કહ્યું 'તું જ્યાંથી પસાર થઇશ અને તારી છાંયા જેના પર પડી જશે તેનું કલ્યાણ થઇ જશે'.

ફકીરે કહ્યું ''પ્રભુ એક શરત છે. મારી છાંયા કોની પર પડે છે તેની મને ખબર પડવી જોઇએ નહીં. મેં કર્યું છે એવું મારા મનને લાગવું જોઇએ નહીં. નહીંતર મારામાં અહંકાર આવી જશે.'.

દેવતાઓએ કહ્યું 'ભલે તારી છાંયા કામ કરતી રહેશે અને તને ખબર પણ નહીં પડે'.

આ પછી ફકીર જ્યાંથી પસાર થતો અને જ્યાં તેની છાંયા પડતી ત્યાં ફુલો પ્રસન્નતાથી ઝુમી ઉઠતા, કળીઓ ખીલી ઉઠતી, સૂકાઇ ગયેલા છોડવાઓ અને વૃક્ષો લીલાછમ બની જતા. બિમાર માણસ સાજો થઇ જતો. અંધને આંખો મળી જતી બધિરને કાન મળી જતા. જ્યાં પણ તેની છાંયા પડતી ત્યાં મહેક પ્રસરી ઉઠતી. તે અજ્ઞાત રીતે લોકોનું કલ્યાણ કરતો રહ્યો.

આ કથાનો સાર માત્ર એટલો છે કે, આ જગતમાં જે લોકોથી કાંઇક ભલું થયું છે, સારું થયું છે, કલ્યાણ સધાયું છે તેમાં પ્રભુની છાંયા કામ કરી રહી છે. પ્રભુની પરમકૃપા વગર કશું થઇ શકતું નથી. આ અંગે અભિમાન કે અહંકાર રાખવાની કોઇ જરૂર નથી. તન, મન અને ધન આમાંનું એકેય સુખ ન હોય તો માણસ શું કરી શકે ? સગવડતા અને અનુકૂળતા ન હોય તો આપણે શું કરી શકીએ ? માત્ર એટલું જ યાદ રાખવાનું જરૂરી છે કે, બીજાનું ભલું કરવામાં જ આપણું પોતાનું ભલું સમાયું છે.

પ્રકૃતિએ દરેક માણસને શુભ કરવા માટે વધુ શક્તિ આપી છે અને અશુભ કરવા માટે ઓછી શક્તિ આપી છે. પરંતુ શુભ થતું નથી કારણ કે, શુભ કરવા માટેની ઇચ્છા નથી. ક્યારેક શુભ ઇચ્છા જાગે છે પરંતુ તેને અમલમાં મુકાય એ પહેલા આ શુભ ભાવનાનો લોપ થઇ જાય છે. શુભ ભાવના ચાર વખત ભાવી હોય પરંતુ એક વખત અશુભ ભાવના થઇ ગઇ તો બધું એળે જાય છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે ચોવીસ કલાક ઊઠતા, બેસતા, સૂતા, શ્વાસ લેતા અને છોડતા માત્ર મંગળનું જ સ્મરણ કરો. શુભનું ચિંતવન માણસને વધુ પારદર્શક બનાવે છે. આપણે સર્વનું મંગળ ઇચ્છતા હોઇએ ત્યારે કોઇના પ્રત્યે રાગ, દ્વેષ અને ઘૃણા ઉદભવે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કાંઈ સારું કરીએ તે અહંકાર રહિત કરીએ. તેમાંથી કશું મેળવવાની કે લાભ ખાટવાની આશા ન રાખીએ. તેનો બોજ માથા પર રાખ્યા વગર કરીને ભૂલી જઈએ અને હળવા ફૂલ જેવા બની જઈએ. માણસને માત્ર પાપનો બોજો જ નહીં, સત્કાર્યોનો બોજો પણ કચડી નાખે છે. તે ઘંટીના પડની જેમ ગળે વળગી જાય છે અને અહંકારના પારાને ઊંચો ચડાવે છે. છેવટે માણસનું પતન થાય છે.

મુંબઇ સમાચારના તા. ૨૨-૧૧-૯૮ના "જિનદર્શન" વિભાગમાંથી સાભાર....

卐


**ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી.**

**भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क ली. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.**

**હેડ ઓફીસ :-**
લોખંડ બજાર, ભાવનગર
ફોન નં. ૪૨૪૧૮૧

**બ્રાન્ચ :-**
માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન નં. ૪૪૫૦૦૮
માધવદર્શન, ભાવનગર ફોન નં. ૪૨૦૭૯૯

**-: થાપણના વ્યાજનાં દરો :-**

(તા ૨૧-૪-૯૯ થી અમલમાં)

| | |
|---|---|
| **સેવિંગ્ઝ** | ૫.૫૦ ટકા |
| **ફિક્સ ડીપોઝીટ :-** | |
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૮.૦૦ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ નીચે | ૯.૦૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષ નીચે | ૧૧.૦૦ ટકા |
| ૨ વર્ષથી ૩ વર્ષ નીચે | ૧૨.૦૦ ટકા |
| ૩ વર્ષથી ૫ વર્ષ નીચે | ૧૨.૫ ટકા |
| ૫ વર્ષ અને ઉપરાંત | ૧૩.૦૦ ટકા |

**ડબલ :- ૬૫ માસ**

-: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :-

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા**
ચેરમેન

**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઇ પટેલ**
મેનેજીંગ ડીરેકટર

**શ્રી રાજેન્દ્ર ઇન્દુકુમાર દવે**
વા. ચેરમેન


**શ્રી જુગલકિશોર પી. પારેખ**
જો. મે. ડીરેકટર

**શ્રી જે. એમ. શાહ**
મેનેજર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમની નિત્ય-નિયમિત ઉપાસના કરતાં
જન્મ - જરા - મૃત્યુનો ભય ટળે છે,
અને
અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે, તે
શ્રી અરિહંત દેવોને અમારી
કોટિ-કોટિ વંદના હો....



: With Best Compliments From :

# AKRUTI
## NIRMAN PVT. LTD.

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, Sion (W.), MUMBAI-400 022
Tele. : 4081 75162 (Code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધન્ય તને પુણિયા....

લે. કલાપીબેન નવીનચંદ્ર મહેતા



સોહામણી અને અલબેલી નગરી રાજગૃહી પર્વતોની છાંયામાં ને નદીના કિનારે શોભતી એ સુંદર નગરી.

જેવી સુંદર નગરી તેવા સુંદર ત્યાં વસનારા. સતી સુલસા અને મેતારજ ત્યાં વસે. તપ ત્યાગથી શોભતાં અનેક શ્રમણો નિરંતર ત્યાં આવે. એમના મર્મવાણીના પ્રવાહમાં જનગણ સદાય પ્રક્ષાલાતો રહે. રાજગૃહીમાં એક શ્રાવક વસે. નામે પુણિયો.

શ્રમણ શ્રેષ્ઠ વર્ધમાનસ્વામી પણ તેમના ધર્મ પ્રવચનમાં પુણિયાની પ્રશંસા કરે નિગ્ર્ન્થોના ધર્મસુત્રો જેવું જ જીવન પુણિયાએ બનાવી લીધેલું. પુણિયાની શ્રીમંતાઇનો પાર નહી. વૈભવ એના ગૃહાંગણે આળોટે. એકદા મહાવીર ( વર્ધમાન ) રાજગૃહીમાં અચાનક આવી ચડ્યા. પુણિયો વંદન કરવા ગયો, ને સવિવેકે કહ્યું, પ્રભુ ! આપે આ નગરી અણુ-ધારી પાવન કરી, અમે ધન્ય થયા.

ભગવાન મહાવીરે નેહ નીતરતા નયને તેની સામે જોયું. શું પુણિયા આજે તો ચિન્તા થઇ ગઇ.

શાની પ્રભો ?

તારી !

મારી ! પુણિયાના શબ્દોમાં આશ્ચર્ય અવતર્યું.

હા ! તારી પાસે અપાર લક્ષ્મી છે, એમાં તું ડૂબી જઇશ તો દુર્ગતિ દૂર નહી હોય ઓહ, એવું કેમ બનવા દેવાય !

ન જ બનવા દેવાય ! પુણિયાએ તત્ક્ષણ હાથ જોડ્યા, પ્રભો ! જે કાંઇ મારી સંપત્તિ છે તેમાં રહેવા માટે ઘર, સૂવા સંથારો, જરૂરી સામગ્રી સિવાયની તમામ સંપત્તિનો આજથી ત્યાગ, પ્રભુ ! આસકતી મારામાં પ્રવેશે તે પૂર્વે જ તેનો ત્યાગ કરવો વધુ સારો નહી ! હું આજથી વચનબદ્ધ થાઉં છું.

સમગ્ર રાજગૃહીએ આ જાણ્યું ત્યારે સૌએ પ્રશંસાના ફૂલ વરસાવ્યા એ પળથી પુણિયાનું જીવન જ પલટાઇ ગયું. જ્યાં સંપત્તિ રમતી હતી ત્યાં સાદગી, જ્યાં વૈભવ રમતો હતો ત્યાં વિરાગ આવ્યો, જ્યાં ઐશ્વર્ય રમતું હતું ત્યાં સભ્યતા આવી, જાણે સંસ્કારે ત્યાં નિવાસ કર્યો. રાજગૃહીના આંગણે એક સંસ્કારવતા જીવનના દર્શન લાધ્યા. પુણિયો રોજના હવે સાડાબાર દોકડા કમાતો. સાદાઈથી રહે. એક દિન ખુદ ઉપવાસી રહે, ને અતિથિ સત્કાર કરે. બીજે દિવસે પત્ની ઉપવાસ કરે અને અતિથિને આવકારે. અતિથિ વિહોણો દિવસ ન જાય. એ કહે તિથિ જોયા વિના આવે એ અતિથિ, તેને સત્કારી ન શકું તો જીવ્યું વ્યર્થ લાગે.

સમય વીતે છે, વ્રતભર્યા જીવનના તેજ પુણિયાના મુખ પર ચમકે છે. એક દિવસની વાત છે. પુણિયા શ્રાવકને ત્યાં અતિથિ આવ્યા છે, અનોખા એ અતિથિ છે, અનોખી છે એમની વાતો. એ વિદ્યાસિદ્ધ પુરૂષ છે. ચતુર્દશીનો દિવસ છે. પુણિયાને ઉપવાસ છે. આંગણે આવેલા અતિથિનો અદ્દભુત સત્કાર કર્યો છે, ભાવથી સાધર્મિક ભક્તિ કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગંતુક મહેમાને ચોપાસ નજર ઘુમાવી, ઘરમાં માટીનું લીંપણ છે, સ્વચ્છતા છે. જરૂરી થાળી–વાટકા છે. બીજું કંઇ જ નથી. પુણિયાના અને તેની પત્નીના મુખ પર સંતોષના તેજ છે સિદ્ધ પુરૂષનું મન ધન્યતા વરસાવી રહ્યું "વાહ પુણિયા" તેં કમાલ કરી, દુનિયા ધનથી જીતે છે, તું વ્રતથી જીત્યો. બહારથી તારી પાસે કંઇ દેખાતું નથી પણ હૃદયથી તું કેટલો ભરપૂર છે. આવી સ્થિતિમાં ય જમાડીને જમે છે. ઉપવાસ કરીને સ્વાગત કરે છે.

'વાહ' સિદ્ધપુરૂષનું મન અહોભાવથી છલકતું હતું. એમણે નિશ્ચય કર્યો, મારી પાસે સાધન છે, સિદ્ધિની શક્તિ છે. તો પુણિયાને ફરી ધનવાન બનાવવો.

સંધ્યા ઢળી પુણિ'માની રાત શરૂ થઈ.

પુણિયાને ગાઢ નિદ્રા આવી ગઇ. ધર્મના શરણે ગયા પછી સંસારની કલુષિતતાનો જાણે સ્પર્શ જ નહોતો રહ્યો.

સિદ્ધ પુરૂષે મધ્યરાતે રસોડામાં જઇને એક સ્વચ્છ તપેલી હાથમાં લીધી, પોતાની ઝોળીમાંથી મણિ કાઢયો, ને પેલી તપેલીને સ્પર્શ કરાવ્યો, તપેલી સોનાની બની ગઇ.

પ્રાતઃકાળ થયો, કુકડો બોલ્યો ત્યારે અતિથિ ફરી કોઇવાર આવવાનું વચન આપીને આગળ ચાલ્યા ગયા. પુણિયાએ સવારમાં જોયું, તો તપેલી જે પોતાની હતી તે જ ન મળે. તેની જગ્યાએ સાવ સોનાની તપેલી. બારીમાંથી આવતા સહસ્રરશ્મિના કિરણો તેને વધુ ચમકાવતા હતા. પુણિયાને ક્ષણિક વાર આ શું છે તે ન સમજાયું, પણ પછી અતિથિનું આ કાર્ય છે તેવું સમજાયું, ત્યારે તેણે નિશ્વાસ નાખ્યો. અતિથિએ આ તો અનર્થ સર્જ્યો આ તપેલી તેમણે સોનાની બનાવી આપી પણ મારે નવી લાવવી કયાંથી! અને સુવર્ણનું મારે શું કામ છે! જે હતું તેય પ્રભુના વચને ત્યાગ્યું. આ અણહકનું મને ન જોઈએ. પ્રભુ કહેતા હતા અણહકની લક્ષ્મીની કિંમત ધૂળ જેટલીએ નથી.

પુણિયાના હાથમાં રહેલી સોનાની તપેલી ચમકતી હતી આંખમાં રહેલુ ઝાકળના ટીપા જેવું આંસુ પણ ચમકતું હતું.

પળવારમાં તેણે નિશ્ચય કર્યો. એક જીર્ણ વસ્ત્રમાં તપેલી વીંટીને એ દોડ્યો રાજગૃહીની બહાર. એને જલ્દી અતિથિને આંબી જવું હતું. આ ધન તેને સોંપી દેવું હતું. વનની કેડીએ ચાલતા અતિથિને પુણિયો ઝડપથી આંબી ગયો. સિદ્ધપુરૂષે પુણિયાને પોતાની પછવાડે આવી પહોંચેલો જોઈને આશ્ચર્યથી પૂછયું, તમે?

પુણિયાની છાતીમાં શ્વાસ સમાનો ન્હોતો, આપ એવું કશુંક કરીને ગયા કે મારે તરત દોડવું પડયું.

એક વૃક્ષની પાસે બેસીને પુણિયાને કહ્યું મારી કંઇ ભૂલ થઇ?

"હા".

"હે", સિદ્ધપુરૂષ સ્તબ્ધ થઇ ગયા. પુણિયાએ જીર્ણ વસ્ત્રમાં લપેટેલી તપેલી કાઢીને કહ્યું, આ તમે શું કર્યું? તમે તપેલી સોનાની બનાવી દીધી, પણ હું તે રાખી લઉં એટલે મારી જિંદગી શ્યામ જ બની જાય ને! શ્રમ વિનાનું લેવાય? આજે જે ભાવનાઓ–અરમાનો મારા ઉરમાં ઉભરાય છે, પછી તે પ્રકટશે! મહાપુરૂષ! મને સુવર્ણ નહી સત્કર્મ જોઇએ. વિદ્યાપુરૂષનાં નેત્રમાં ઝળઝળીયા આવી ગયા.

આવો અપુર્વ વૈરાગ્ય ભાવ કયાં મળે? જે સંતોષથી તમારૂં જીવન ચમકે છે અને દમકે છે એ મને પણ પ્રાપ્ત હજો. સુવર્ણનો આ જગતમાં કોને મોહ ન હોય પણ તું નિર્લેપ રહ્યો. ધન્ય તને પુણિયા.

આકાશમાં ઉડતા પંખીઓ, વનનાં વૃક્ષો, સૂર્યના કિરણો પુણિયાની મહાનતાને આવકારી રહ્યા. સુંદર રાજગૃહી એ દિવસે વધુ સુંદર બની.

[ શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૮૭ માંથી સાભાર ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમની ભક્તિ સર્વ પ્રકારનાં ભયોનું ભંજન કરનારી છે
અને
સકલ મનોરથની સિદ્ધિ કરનારી છે.
તેવા
શ્રી અરિહંત દેવોને અમારી કોટિ કોટિ વંદના હો.

卐

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

# Indchem Marketing Corporation

32, Shamaldas Gandhi Marg,
Saraf Mansion, Mumbai-400 002
Phone : 2617367-68

---

જેઓ અનંત ગુણના ભંડાર છે, ચોત્રીસ અતિશયોના ધારક છે તથા
માનવ જાતિના મહાન ઉદ્ધારક છે, તે શ્રી અરિહંત દેવોને અમારી
કોટિ કોટિ વંદના હો....

卐

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

# મેસર્સ કાંતિલાલ મગનલાલ શાહ

**કાપડના વેપારી**

મેઈન રોડ, જોરાવરનગર-૩૬૩ ૦૨૦ (જિ. સુરેન્દ્રનગર)
: ફોન : ( STD. Code-૦૨૭૫૨ )
ઓફિસ : ૨૨૮૪૨ / ૨૩૩૨૪    રેસી. ૨૨૦૫૬ / ૩૧૫૨૩

卐

# કોરસ ટાઇલ્સ પ્રાઈવેટ લિમીટેડ

નવાગામ, થાનગઢ-૩૬૩ ૫૩૦ (જિ. સુરેન્દ્રનગર)
ફોન : ૨૦૮૧૧    ૨૦૫૬૫ ( STD. Code-૦૨૭૫૧ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર દ્વારા સ્કોલર વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ ગત તા. ૧૫ ઓગસ્ટને રવિવાર સ્વાતંત્ર્ય દિનની સુવર્ણ પ્રભાતે ન્યુ. એસ. એસ. સી. ૧૯૯૯ ની વાર્ષિક પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઇ–બહેનોને પારિતોષિક અર્પણ કરવાનો તેમજ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવાનો એક બહુમાન સમારંભ યોજવામાં આવ્યો હતો.

સંસ્કૃત વિષયમાં સૌથી વધુ ૯૩ માર્કસ મેળવનાર કુ. ભૂમિબેન ભરતભાઇ મહેતાએ પ્રથમ ઇનામ પ્રાપ્ત કરતાં સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહના વરદ્‌હસ્તે રોકડ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું.

ઉપરાંત સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્કસ મેળવનાર દરેક વિદ્યાર્થી ભાઇ–બ્હેનોને સ્વ. શ્રી મોહનલાલ જગજીવનદાસ સલોત ( હસ્તે : આ સભાના ઉપપ્રમુખશ્રી દિવ્યકાંતભાઇ મોહનલાલ સલોત ) તરફથી એક–એક શીલ્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જ્યારે કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવામાં આવી હતી.

આ સમારંભના પ્રારંભે સભાના મંત્રીશ્રી ભાસ્કરભાઇ વકીલે પ્રાસંગિક પ્રવચન કરતાં ઉપસ્થિત વિદ્યાર્થી ભાઇ–બ્હેનો તથા વાલીઓને આ સભા દ્વારા થતી વિવિધ ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિઓથી અવગત કર્યા હતા

પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ, મંત્રીશ્રી હિંમતભાઇ મોતીવાળા તથા મંત્રીશ્રી ચીમનલાલ વર્ધમાન શાહે વિદ્યાર્થી ભાઇ–બહેનોને આશીર્વચન અર્પણ કર્યા હતા.

આ સમારંભનું આયોજન સભાના પ્રમુખ શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ, શ્રી હિંમતભાઇ મોતીવાળા, શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ, શ્રી ભાસ્કરરાય વૃજલાલ વકીલ, શ્રી દિવ્યકાંતભાઇ મોહનલાલ સલોત, શ્રી અરવિંદભાઇ બુટાણી, શ્રી પ્રવિણભાઇ જે. સંઘવી, શ્રી જસુભાઇ ગાંધી તથા સભાના સભ્યશ્રીઓ અને સભાના મેનેજર મુકેશ સરવૈયા તથા અનીલભાઇ શેઠે સારી એવી જહેમત ઉઠાવી બહુમાન સમારંભને યાદગાર બનાવ્યો હતો.

અહેવાલ : **મુકેશ સરવૈયા**

---

## ન્યુજર્સી અને ન્યુયોર્કમાં યોજાયેલ
## ડો. કુમારપાળ દેસાઇના પ્રવચનો

જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના ચિંતક ડો. કુમારપાળ દેસાઇના સાહિત્ય, દર્શન અન સંસ્કૃતિ વિશે પ્રવચનોનું આયોજન કરવામાં આવેલ હતું. અમેરિકાના ' જૈન સેન્ટર ઓફ ન્યુજર્સી 'માં તેઓના ' જૈનદર્શન અને મધ્યકાલીન સાહિત્ય ' વિશે પ્રવચનો યોજવામાં આવેલ. વળી પર્યુષણ પર્વ દરમિયાન અહિંસા અને પર્યાવરણ, ગણધરવાદ, અનેકાંત, કલ્પસૂત્ર, ક્ષમાપના, સમાધિમરણ જેવા વિષયો પર વક્તવ્યો આપેલ, આ પ્રસંગે ડો કુમારપાળ દેસાઇ લિખિત ગુજરાતી અને અંગ્રેજી ગ્રંથોનો વિમોચન વિધિ થયેલ.

For Private And Personal Use Only

# શોકાંજલિ

**શ્રી અરવિંદભાઇ ચંદુલાલ બુટાણી** ( ઉં. વ. ૫૫ )નું ગત તા. ૨૦-૯-૯૯ ને સોમવારના રોજ હૃદયરોગના હુમલાને કારણે સુરેન્દ્રનગર ખાતે દુઃખદ અવસાન થયું છે.

તેઓશ્રી આ સભાની વર્તમાન કારોબારી કમિટીના છેલ્લા પાંચ વર્ષથી સભ્ય હતા. સભાના દરેક કાર્યોમાં તેમની માનદ્ સેવા અદ્વિતીય રહી છે. આ માસિકને પગભર કરવા માટે તેમજ પુસ્તકોના વેચાણ માટે તેમનો સિંહફાળો રહ્યો છે.

હૃદયમાં નિર્મળતા ધરાવનાર, સુખદુઃખમાં સહભાગી બની પ્રસન્નચિત્તથી મિત્રતા નિભાવનાર અને ધાર્મિક ભાવનાઓથી રંગાયેલા શ્રી અરવિંદભાઇ બુટાણીના અચાનક અવસાનથી આ સભાને એક ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

તેમના દુઃખદ અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ

લિ. **શ્રી જૈન આત્માનંદ સભા,** ખારગેઇટ, ભાવનગર






શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દિપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૧૫ મો ] [ ગુરુ વાણી ભાગ-૨માંથી સાભાર... ]

( ગતાંકથી ચાલુ )

**અક્રૂરતા...**

**' દોડત દોડત દોડત દોડીયો... '**

અધ્યાત્મયોગી પૂ. આનંદઘનજી મહારાજે ધર્મનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે કે **' દોડત દોડત દોડત દોડીયો... '**

જગતના સર્વ જીવો દોડી રહ્યા છે કીડીથી માંડીને હાથી સુધીના, સાયકલથી માંડીને એરોપ્લેન સુધીના સાધનો દ્વારા કોઇ ટ્રેનથી, કોઇ મોટરથી, કોઇ પ્લેનથી બધા જ દોડી રહ્યા છે. મહાપુરૂષો કહે છે કે આવા દોડતા માણસને ઉપદેશ આપવો કેવી રીતે? એમને આપેલો ઉપદેશ સ્થાયી બને કેવી રીતે? વ્યાખ્યાનમાં આવે પણ ઘડિયાળના કાંટા પર જ એની નજર હોય. આજના માનવની જીંદગી ઘડિયાળના કાંટા પર મંડાયેલી છે. ઉઠે ત્યારથી એની દોડ શરૂ થાય છે. મનની અને તનની... માણસ પૈસાની પાછળ પાગલ બનીને દોડી રહ્યો છે.... બહાર સુખ મેળવવા માટે તે ફાંફાં મારી રહ્યો છે.... પણ સુખ તો એના આત્મામાં છે. આનંદને મેળવવા માટે તે ટી. વી, રેડિયો.... વગેરેના કાર્યક્રમોમાં ભાગ લઇ રહ્યો છે. ક્રિકેટની રમતમાં કોઇએ છગ્ગો લગાવ્યો ને આનંદની કીકીયારી ઉઠી પણ જ્યાં હાર્યા ત્યાં આનંદ ગાયબ થઇ ગયો આ વાસ્તવિક આનંદ નથી. વાસ્તવિક આનંદ તો ચિર હોય, સ્થાયી હોય. રાજા હોય કે રંક હોય બધાને આનંદ તો જોઇએ જ છે. માણસ કોઇ રજા આવે કે કોઇ પર્વ આવે એટલે આનંદની તૈયારી કરતો હોય છે. આ રીતે તે આનંદના પ્રસંગોને ઝંખી રહ્યો છે. તેથી નક્કી થાય છે કે તેના જીવનમાં વાસ્તવિક આનંદ નથી. વાસ્તવિક આનંદ બહાર નહીં પણ આત્મામાં પડેલો છે. પણ તેની બહાર ભટકતી નજર અંદર માંડે તો દેખાયને....

સામાન્ય રીતે જગતના માણસો બે દિવસોને આનંદના દિવસો ગણતા હોય છે. એક લગ્નનો દિવસ અને બીજો દિવાળીનો દિવસ. લગ્નના દિવસે એ રાજા થઇને ફરે છે, વરરાજા કહેવાય છે ને! પણ બીજા જ દિવસથી એ દાસ બની જાય છે. દિવાળીના દિવસે નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધીના તમામ જીવો આનંદમાં મહાલતા હોય છે.... જ્યારે સ્વામી રામતીર્થ કહેતા કે " હરરોજ હમે એક શાદી હૈ, હરરોજ મુબારક બાદી હૈ " મારે તો રોજ શાદી છે અને રોજ દિવાળી છે. સદા આનંદ જ આનંદ છે. તેથી આનંદ શોધવા જવો જ પડતો નથી. માણસે દષ્ટી બદલવાની જરૂર છે.

**વક્તૃત્વ કરતા શ્રોતૃત્વ મહાન કળા છે:**

આજે વ્યાખ્યાન એ માત્ર સાંભળવાની જ ચીજ બની ગઇ છે પણ એ સાંભળવાની ચીજ નથી, જીવનમાં ઉતારવાની ચીજ છે. જેમ દવા, પાણી, ભોજન એ કાંઇ જોવાની ચીજ નથી, થાળ ભરેલો હોય અને જોયા કરો તો ભૂખ ભાંગે ખરી....? દવાનું લીસ્ટ વાંચ્યા કરીએ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગ જાય ખરો....? ના.... વ્યાખ્યાનને જીવનમાં ઉતારીએ તો જ જીવન બદલાય. મહાપુરૂષો એક જ દેશનામાં તરી જતા. વક્તૃત્વ કરતાં શ્રોતૃત્વ મોટી કળા છે. વ્યાખ્યાનો સાંભળીને ઘરડા થવા છતાં પણ સ્વભાવમાં એક રતિભર ફેર પડ્યો નહિં. અખા કવિએ કહ્યું છે કે "તીરથ કરતાં ત્રેપન થયાં, જપમાળાના નાકા ગયા, કથા સુણી સુણી ફુટ્યા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન." અથવા તો "સાંભળ્યું કશું ને સમજ્યા કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું." આવી આપણી સ્થિતિ છે.

## ધર્મ સાથે સંબંધ કેવો?

જીંદગીમાં ઘણીએ ઓળી કરી, ઘણા ઉપવાસો કર્યા. ઘણાંયે કટાસણા ઘસી નાખ્યા છતાં કષાયો કે વિષયો કેટલા ઘટ્યા? ધર્મનો આપણી સાથે સંબંધ કેવો છે? કોટ જેવો, ઝભ્ભા જેવો કે લોહી જેવો? આપણે ધર્મને કોટ-ઝભ્ભો બનાવી દીધો છે. ઘરની બહાર નીકળીએ એટલે ઝભ્ભો કે કોટ પહેરીને નીકળીએ અને ઘરમાં આવીએ કે દુકાને બેસીએ એટલે ઉતારીને ખીલીએ ટીંગાડી દઇએ છીએ. તેમ આપણે દહેરાસર કે ઉપાશ્રય વગેરે ધર્મસ્થાનોમાં જઇએ એટલે ધર્મનો ઝભ્ભો પહેરી લઇએ છીએ અને ઘેર આવીએ કે બેસીએ ત્યારે એ ધર્મના ઝભ્ભાને ઉતારીને ટીંગાડી દેવાનો બરાબરને!

દુકાને બેસીને અનેકને શિશામાં ઉતારતો હોય.... અનેકને નવડાવતો હોય અને કોઠાં-કબાડાં (કાળાં-ધોળાં) કરતો હોય તો આવા માણસને ધર્મી કહેવો કેવી રીતે? શાસ્ત્રકારો તો કહે છે કે ધર્મ સાથે આપણો સંબંધ લોહી-માંસ જેવો હોવો જોઇએ. ઘરમાં આવીએ તો કાંઇ લોહી કાઢીને શીશામાં ભરી મૂકી દેવાય ખરું? ચોવીશે કલાક લોહી-માંસ આપણી સાથે જ છે તેમ ધર્મ આપણા જીવનમાં લોહી-માસની જેમ વણાઇ જવો જોઇએ.

દુનિયાના દરેક ક્ષેત્રે કોઇ પણ કાર્ય કરવું હોય તો માણસમાં યોગ્યતા હોવી જોઇએ ખરે! એક ભિખારીને પણ રોટલાનો ટુકડો મેળવવા માટે મીઠાં-મીઠાં વચનો બોલવા પડે છે. એ તમારે ત્યાં આવીને તમારી પાસે બળજબરીથી ભીખ માંગે તો તમે આપો ખરા? કેટલાયે કાલાવાલા કરે ત્યારે ભિખારી એક રોટલીનો ટુકડો પામે છે. આમ મીઠાં વચનો બોલવાની યોગ્યતા જો એના જીવનમાં ન હોય તો ભીખ મળે નહીં.... તો પછી ધર્મ જેવા મહાદુર્લભ રત્નને મેળવવા યોગ્યતા તો જોઇએ ને!....

## અક્રૂરતા :-

શાસ્ત્રકારો ધર્મને યોગ્ય શ્રાવકના ગુણોનું વર્ણન કરી રહ્યા છે તેમાં આપણે ચાર ગુણો જોઇ ગયા. હવે ધર્મને યોગ્ય શ્રાવકનો પાંચમો ગુણ અક્રૂરતા છે તે જોઇએ.

ધર્મ કરનાર શ્રાવક અક્રૂર હોવો જોઇએ. એટલે કે ક્લિષ્ટભાવોથી રહિત હોવો જોઇએ. ક્રૂર પરિણામી આત્મા ધર્મને સાધી જ કેવી રીતે શકે? કારણ કે ધર્મનો પાયો જ અહિંસા છે. પાયા વિના ઇમારત ટકી જ ન શકે ને? આજે ઘણા આત્માઓ એવા જોવામાં આવે છે કે તપ ખૂબ કરતા હોય પણ ક્રોધ એટલો હોય કે બીજા માણસો એમ જ કહે કે આ તપ કહેવાય....? આના કરતાં તો અમે નથી કરતાં તે સારું છે. આ રીતે તપની અનુમોદના કરીને પુણ્ય ઉપાર્જન કરવાને બદલે તેની નિંદા કરીને પાપના ભાગીદાર બને છે, ધર્મની નિંદા થાય છે. તપ તો કષાયોને જીતવા માટે છે એના બદલે ધર્મને નહીં સમજનારા જીવો કષાયને વધારે છે.

## કાકાની પરીક્ષા કરતો ભત્રીજો :-

એક ડોસો હતો.... ધાર્મિક વૃત્તિવાળો હતો પણ સ્વભાવે ખૂબ જ ક્રોધી. ઘરમાં અને સંઘમાં બધા તેનાથી ફફડે.... કોઇ એમને વતાવે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘરમાં જમવા બેસે ત્યારે સ્મશાન જેવી શાંતિ છવાઇ જાય ... આ ડોસો એક દિવસ પાલીતાણાની જાત્રાએ ગયો. દાદાના દર્શન કરીને નીચે આવ્યો. ત્યાં કોઇ મહાત્મા મળ્યા. મહાત્માએ કહ્યું કે ભાઇ ! દાદાની જાત્રા કરી.... પણ કોઇ નિયમ લીધો કે નહીં ? ડોસાએ ના પાડી. ત્યાં બાજુમાં ઉભેલા કોઇ સ્વજને મહાત્માના કાનમાં કહ્યું કે સાહેબ તે સ્વભાવે ખૂબ જ ક્રોધી છે તેથી ક્રોધ ઓછો કરે તેવું કાંઇક કરો. મહાત્માએ સમજાવીને ક્રોધ નહીં કરવાની પ્રતિજ્ઞા કરાવી.... જાત્રા કરીને ઘરે આવ્યા. બીજા દિવસે જમવા બેઠા છે. ત્યાં નાની વહુના હાથે ઘીની વાઢી ઢોળાઇ ગઇ. વહુ તો ધ્રુજવા લાગી હમણાં સસરાજીનું બોઇલર ફાટશે.... પણ સસરા તો ચૂપચાપ જમીને ઉભા થઇ ગયા. ઘરના માણસો તો સ્તબ્ધ થઇ ગયા. સસરાજીનો બદલાયેલો સ્વભાવ જોઇને વહુઓ તેમની ખૂબ ભક્તિ કરવા લાગી.... સંઘમાં પણ લોકો તેમની પ્રશંસા કરવા લાગ્યા. એકવાર તેમના ભત્રીજાએ કાકાની પરીક્ષા કરી. તેણે પોતાના ઘેર જમણ રાખ્યું. બધાને આમંત્રણ આપ્યું પણ કાકાને ત્યાં ન આપ્યું. છતાંયે કાકા સામે ચડીને જમવા ગયા. જમવા બેઠા ત્યાં ભત્રીજાએ આવીને કાકાનો તિરસ્કાર કર્યો. છતાં પણ જરાયે ગુસ્સો ન આવ્યો. છેવટે કાકાના પગમાં પડીને માફી માંગે છે અને તેમની ખૂબ પ્રશંસા કરે છે. કષાયના ત્યાગથી ડોસાનું જીવન ધર્મમય બની ગયું અને મરીને દેવલોકમાં ગયા. આમ જે વ્યક્તિ અક્રૂર હોય તે જ સાચા અર્થમાં ધર્મને આરાધી શકે છે. ધર્મ જેવું દુર્લભ રત્ન જે તે વ્યક્તિને મળી શકતું નથી. તેના માટે ઘણી યોગ્યતાઓ જોઇએ છે, તે હવે આગળ જોઇશું.

**ગુણ પ્રધાન ધર્મ :-**

ધર્મના મુખ્ય બે વિભાગો છે : એક ગુણકાંડ અને બીજો ક્રિયાકાંડ. ગુણકાંડમાં વિનય, વિવેક, સદાચાર, ક્ષમા, સજ્જનતા વગેરે આવે અને ક્રિયાકાંડમાં બધી ક્રિયાઓ આવે ક્રિયાકાંડ એ ધર્મને પુષ્ટ કરવા માટે છે, પણ આજે આપણે એકલો ક્રિયાકાંડ જ પકડી રાખ્યો છે. ગુણોની તો કત્લેઆમ થઇ ગઇ છે. ગુણહીન ધર્મ પ્રાણ વિનાના શબ જેવો છે. ધર્મને આચરનાર અક્રૂર હોવો જોઇએ અર્થાત્ ક્રોધ-અભિમાન-માયા વગેરેથી રહિત હોવો જોઇએ. ધર્મ કરતો હોય પણ મનમાં અહંકાર ભરેલો હોય તો ધર્મ તેને સ્પર્શી શકતો નથી.... અને અહંકાર આવે ત્યાં કઠોરતા-તુચ્છતા આવે જ.

**કુન્તલરાણી :-**

એક રાજા હતો. તેને ઘણી રાણીઓ હતી. તેમાં કુન્તલદેવી કરીને પટરાણી હતી. રાજમહેલમાં જ એક જિનમંદિર હતું. કુન્તલદેવી રોજ તેમાં ઉંચામાં ઉંચા દ્રવ્યોથી પ્રભુભક્તિ-પૂજા કરે. રાજા પણ તેને બધી સામગ્રી પૂરી પાડે. રોજ રોજ હીરા-માણેક-મોતી વગેરેથી ભવ્ય અંગરચના કરે.... બીજી રાણીઓ તેની ભક્તિની ખૂબ અનુમોદના કરે.... પણ આ પોતે મનમાં અહંકારને પોષે. ખૂબ ફૂલાય .... અને અહંકાર આવવાથી તેના જીવનમાં કઠોરતા પણ આવી ગઇ તેથી બીજી રાણીઓની ઉપેક્ષા કરે.... તિરસ્કાર કરે.... છતાં રાણીઓને તેના તરફ પૂજ્યભાવ.... પોતાની ભક્તિના વખાણ સાંભળીને તે મનમાં ખૂબ ફૂલાતી ... સમય સમયનુ કામ કર્યા કરે છે. અનુક્રમે તે રાણી મૃત્યુ પામે છે. હવે એક વખત કોઇ જ્ઞાની મહાત્મા રાજમહેલમાં પધારે છે. દેશનાને અન્તે રાણીઓ ગુરૂભગવંતને પૂછે છે કે હે ભગવંત ! અમારાં મોટાં બેન કાળ કરીને કયાં ઉત્પન્ન થયાં હશે ? જ્ઞાની મહાત્મા જ્ઞાન દ્વારા જાણીને કહે છે કે તમારી મોટી બેન આ જ રાજમહેલમાં કૂતરી તરીકે ઉત્પન્ન થઇ છે. આ સાંભળીને બધી રાણીઓ આશ્ચર્ય પામે છે. ગુરૂભગવંતને પૂછે છે કે ગુરૂદેવ એ તો ખૂબ ભક્તિ કરતાં હતાં, તેમ છતાંયે આવી દુર્ગતિ કેમ ? ગુરૂમહારાજ કહે છે કે બેનો ! ધર્મ કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ જુદી વસ્તુ છે અને ધર્મને આરાધવો એ જુદી વસ્તુ છે. આજે ચારે બાજુ ધર્મ ખૂબ વધી રહ્યો છે. પર્વના દિવસોમાં તપશ્ચર્યાઓ પણ ખૂબ થાય છે પણ જ્યાં પર્યુષણ પૂરા થાય કે તપશ્ચર્યાઓ પૂરી, ચોમાસું પણ પૂરું અને આરાધનાઓ પણ પૂરી. અમારા ઉપાશ્રયો ખાલી ખમ.... કહેવાય છે ને કે 'કર્યાં સંવત્સરીના પારણાં અને મૂકયાં ઉપાશ્રયના બારણાં' આજે આવી સ્થિતિ છે. માસક્ષમણ કર્યું હોય પણ પારણા પછી રાત્રિભોજન, કંદમૂળ વગેરે તમામ શરૂ. ધર્મ કયાંય નિશાનીરૂપે જીવનમાં જોવાયે ન મળે. પારણા પછી તો જાણે મહિનાનું સાટું વાળતો હોય તેમ માણસ ખાવા પર તૂટી પડે છે. આખો દિવસ ચક્કી ચાલુ.... ધર્મ જો સાચા અર્થમાં જીવનમાં પરિણામ પામે તો એક નવકારશીનું પચ્ચક્ખાણ પણ અનંતા કર્મોને ભસ્મ કરનારું બને છે. (ક્રમશઃ)

રોકાણકારો માટે અમુલ્ય તક

ભાવનગર નાગરિક સહ. બેંક લી.

હેડ ઓફીસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર

ફોન : ૪૨૯૦૭૦-ફેકસ નં. (૦૨૭૮) ૪૨૩૮૮૯

: શા ખા ઓ :

ડોન-કૃષ્ણનગર ◊ વડવા નેરા ચોક ◊ રૂપાણી – સરદારનગર ◊ ભાવનગર-પરા

ફોન : ૪૩૯૭૮૨ ◊ ફોન : ૪૨૫૦૭૧ ◊ ફોન : ૫૬૫૯૬૦ ◊ ફોન : ૪૪૫૭૯૬

રામમંત્ર મંદિર ◊ ઘોઘા રોડ શાખા ◊ શિશુવિહાર સર્કલ

ફોન : ૫૬૩૮૩૨ ◊ ફોન : ૫૬૪૩૩૦ ◊ ફોન : ૪૩૨૬૧૪

| સલામત રોકાણ આકર્ષક વ્યાજ | | સિદ્ધિ | સધ્ધરતા |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૭ ટકા | શેર ભંડોળ | ૩.૭૫ કરોડ |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૮ ટકા | ડીપોઝીટ | ૧૬૩.૮૮ કરોડ |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૯ ટકા | ધિરાણ | ૮૭.૯૩ કરોડ |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૧૧ ટકા | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો | ૨૧.૨૦ કરોડ |
| ૨ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૧.૫ ટકા | વર્કીંગ કેપીટલ ૨૬૩ કરોડ ઉપરાંત | |
| ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૨ ટકા | | |

૭૨ માસે ડબલ

વેણીલાલ મગનલાલ પારેખ-ચેરમેન

એમ. એ. ખંધડીયા
જનરલ મેનેજર

નિરંજનભાઈ દલપતરામ દવે
જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સજા નહિ, ઈનામ !

માનવીને પોતાનો પ્રાણ સૌથી પ્રિય હોય છે, પરંતુ એ પ્રાણથી ય અદકી પ્રિય હોય છે પોતાની પ્રશંસા....

પોતાની પ્રશંસા સાંભળવાનું ગમે ત્યાં સુધી ઠીક, પણ બીજાની ટીકા સાંભળવાની ટેવ પડે તો સમજવું કે તમે પતનની દિશામાં છો.

અને એથી ય આગળની વાત એ છે કે, તમને જો બીજાની ટીકા અને નિંદા–કુથલી કરવાની આદત પડે તો સમજવું કે તમે હવે અધઃપતનના છેલ્લા પગથિયે પહોંચી ચૂકયા છો!

શહેનશાહ અકબરે એક વખત પોતાના એક દૂતને ઇરાન દેશમાં મોકલ્યો. દૂતની સાથે પાંચ–સાત બીજા માણસો પણ હતા.

દૂત અને બીજા માણસો ઇરાન પહોંચ્યાં

ઇરાનના શહેનશાહનો રૂઆબ ભારે હતો. એનો ભવ્ય ઠાઠમાઠ અને એનો દોરદમામ લાજવાબ હતો!

અકબર બાદશાહનો દૂત ભારે ચતુર હતો. જેવો દેશ તેવો વેશ કરતાં એને આવડતું હતું. સામેના માણસની પ્રતિભાને પારખીને એ વાત કરતો હતો.

ઈરાનના શહેનશાહે અકબર બાદશાહના દૂતને દરબારમાં સન્માનપૂર્વક બોલાવ્યો. દૂતને લાગ્યું કે ઈરાનના શહેનશાહને તેની પ્રશંસા સાંભળવાનું ખૂબ ગમે છે, એટલે એ બોલ્યો :

'શહેનશાહ ! આપ મહાન છો. આપ તો પૂનમના ચાંદ સમાન છો!'

ઇરાનના શહેનશાહના ચહેરા ઉપર પ્રસન્નતા પથરાઇ. એ બોલ્યો :

'દૂત! તું મને પુનમનો ચાંદ કહે છે, તો પછી તારા અકબર બાદશાહને શી ઉપમા આપીશ?'

'નામવર! અમારા અકબર બાદશાહ તો બીજના ચંદ્ર સમાન છે!' દૂત વિનમ્ર વાણીમાં બોલ્યો.

'ઓહ! એમ વાત છે!' શાહ અતિ પ્રસન્ન થયો.

થોડા દિવસ વીત્યા.

ઈરાનનું કામકાજ પતાવીને દૂત તથા તેના સાથીદારો પાછા ફર્યા. અકબર બાદશાહે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

પરંતુ દૂતના સાથીદારોને ભીતરમાં કંઇક જુદી જ બળતરા થતી હતી. એ ટીકાખોર લોકો હતા એમણે ખાનગીમાં મળીને અકબર બાદશાહને કહ્યું :

'બાદશાહ સલામત! અમે બધું જ સહન કરી શકીએ છીએ, કિન્તુ આપની તોહિન અમારાથી નથી સહેવાતી. કોઇ વ્યક્તિ આપની બદનામી કરે કે આપને અન્ય કરતાં નીચા કહે તો અમને પીડા થાય છે.'

'પણ મારી તોહિન કોણ કરે છે એ તો કહો? એવો તો કયો બે માથાનો માનવી છે કે જેને પોતાના પ્રાણ પ્રિય નથી? મારું અપમાન કરનાર ગુસ્તાખ માણસનું નામ કહો!' અકબર ધૂઆંપૂઆં થઇને ગર્જ્યો.

'નામવર! આપની પ્રતિષ્ઠાને કલંકિત બીજું તો કોઇ નથી કરતું, પણ આપ જેને ઝાઝું સન્માન આપો છો અને આપ જેના ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ ભરોસો મુકો છો તે દૂતજ આપની બેઇજ્જતી કરે છે!'

'જહાંપનાહ! અમે ઇરાન ગયા હતા, ત્યાં આ દૂતે ઇરાનના શહેનશાહને પૂનમનો ચંદ્ર કહ્યો અને આપને બીજના ચંદ્ર કહ્યા. આપને તેણે ઇરાનના શાહ કરતાં હીણા પુરવાર કર્યા. અમે તો લજ્જા અનુભવી રહ્યા હતા....!

અકબર આવેશમાં આવી ગયો.

**સત્તાધીશો જલ્દી આવેશમાં આવી જતા હોય છે.**

અકબર બોલ્યો, 'તો એ દૂતને હવે મૃત્યુ-દંડની સજા થશે. તેને હમણાંજ દરબારમાં હાજર કરો!'

દૂતને પકડીને દરબારમાં લાવીને ખડો કર્યો. અકબરે કહ્યું 'તને ફાંસીની સજા કરવામાં આવશે.'

'મહારાજ, મારો કાંઇ વાંક-ગુનો?'

'તેં મારું અપમાન કર્યું છે....'

'અસંભવ મહારાજ!'

'તો શું તેં ઇરાનના શાહને પૂનમનો ચંદ્ર અને મને બીજનો ચંદ્ર કહ્યા નહોતા?'

'કહ્યા હતા મહારાજ!' દૂત બોલ્યો, વાતનો મર્મ એ સમજી ગયો. પછી વિનમ્ર વાણીમાં ઉમેર્યું 'જહાંપનાહ! આપને જેણે વાત કરી છે તે વ્યક્તિ નાદાન હશે. આપ તો જાણો છો કે પૂનમનો ચંદ્ર એક ચોક્કસ હદે પહોંચ્યા પછી પતન પામે છે. પૂનમ પછી ક્રમશઃ ચંદ્ર ઘટતો જાય છે જ્યારે મેં આપને બીજનો ચંદ્ર કહ્યા હતા. બીજનો ચંદ્ર સતત્ વધતો રહે છે. આપ વિકાસની દિશામાં છો અને ઇરાનના શહેનશાહ પતનની દિશામાં છે, એવો એનો અર્થ હતો!'

દૂતની વાત સાંભળીને અકબર પ્રસન્ન થયો. તમામ દરબારીઓ પણ હરખાઇ ઊઠ્યા. અકબરે કહ્યું. 'તારી યુક્તિ ભવ્ય છે. તારી ફાંસીની સજા માફ કરવામાં આવે છે અને તને પાંચ હજાર સોનામહોરો ઇનામમાં આપવામાં આવશે!'

શહેનશાહ અકબરની પ્રસન્નતા જોઇને દૂત મલકાયો.

રે! માનવીનો સ્વભાવ કેવો છે? પ્રશંસા હંમેશા પામર માનવીને પીગળાવી મૂકે છે! જે પૂર્ણ હોય તેને પ્રશંસા કેમ ગમે? જો આપણને પ્રશંસા અને ખુશામત પસંદ હોય તો સમજી લેવું કે આપણે અધૂરા છીએ.... છીછરા છીએ.... પતનોન્મુખ છીએ....!

લેખક શ્રી લક્ષ્મીચંદભાઇ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર....

## પાણી અને વાણી

પાણીના બેફામ બનેલા પૂરે ગામોનાં ગામો ડૂબાડ્યા છે તો....
વાણીના બેકાબુ પૂરે કુટુંબોનાં કુટુંબો તારાજ કર્યા છે....
પાણીના પૂરને અટકાવવાનો તો કદાચ વિજ્ઞાન પાસે ઉપાય છે
પણ વાણીના બેફામ પૂર ઉપર નિયંત્રણ લાવવા તો
વિવેકને શરણે જ જવું પડે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षाभिनंदन

- આ નૂતન વર્ષે વિષમ ઝંઝાવાતમાં
  આપનો આત્મશ્રેયનો દીપક ઝળહળતો રહે !
- આ નૂતન વર્ષે આપનું જીવન પવિત્ર, રસમય,
  પ્રેમમય, પ્રમાણિક અને પ્રકાશમય બને !
- આ નૂતન વર્ષે આપના ઉમદા આત્મકલ્યાણનું
  જીવનલક્ષ પૂર્ણ થાય !
- આ નૂતન વર્ષે આપનું જીવન
  સદ્ગુણોની સુવાસથી મહેંકી ઊઠો !
- આ નૂતન વર્ષે આપના જીવનરૂપી સમુદ્રમાં
  સદા આનંદરૂપી મોજાં ઊછળતા રહો !
- આ નૂતન વર્ષે આપણે વીર પરમાત્માએ બતાવેલા
  અભ્યુદયના માર્ગે પ્રયાણ આદરીએ

**આ અમારી અંતરની શુભેચ્છાઓ છે**



## SHASHI INDUSTRIES

Selarsha Road, BHAVNAGAR-364 001
Phone : O 428254 - 430539

卐

Rajaji Nagar, BANGALORE-560 010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મ યોગ

: લેખક :
**નરોત્તમદાસ અમુલખરાય કપાસી**
( એડવોકેટ-મુંબઇ )

પ્રવૃત્તિશીલ માનવી પણ ઝંખે છે શાંતિ.... શાંતિ સુખદ છે. પરમ શાંતિ પરમ સુખદ છે. તે પ્રાપ્ત થાય છે નિર્વાણની પ્રાપ્તિ સાથે.... માટે ઉત્તમ આત્માઓ નિર્વાણને ધ્યેય તરીકે સ્વીકારે છે. નિર્વાણ પૂર્ણ નિવૃત્તિમય છે.

નિવૃત્તિ પણ પ્રવૃત્તિ વિના પ્રાપ્ત થતી નથી. પરંતુ ઐહિક અભ્યુદય માટેની પ્રવૃત્તિ અલગ પ્રકારની છે. એના ત્યાગ વિના નિવૃત્તિના ધ્યેય માટેની પ્રવૃત્તિ અફળ રહે છે.

ઐહિક પ્રવૃત્તિ ઇચ્છનીય ન હોય તો પણ માનવી માટે તે આવશ્યક છે. એના અભાવમાં ન મળે આહાર, ન મળે આશ્રય અને ન મળે અંગનું ઢાંકણુ.

દુઃખ એ છે કે આવશ્યક ભૌતિક પ્રવૃત્તિમાં માનવી ગળાડૂબ બને છે ત્યારે નિવૃત્તિનું ધ્યેય એની નજર સામેથી ખસી જાય છે. એ ધ્યેય લક્ષ્યમાં રાખીને જ્યારે આવશ્યક પ્રવૃત્તિ થાય છે ત્યારે તે પ્રવૃત્તિ કર્મ યોગ રૂપ બને છે.

કર્મ યોગ માનવીને પ્રવૃત્તિમાં અલિપ્ત રાખે છે. તે કર્મ કરે છે પરંતુ તેને કર્મ પ્રત્યે પ્રીતિ નથી કર્મનું ફળ એને આધિન નથી. ફળ ન મળે તો એનો અફસોસ ન હોય. ફળની પ્રાપ્તિ એના પૂર્વ કૃત કર્મ ઉપર અવલંબે છે. પૂર્વ કૃત કર્મનું એણે જ આચરણ કરેલું છે. માટે અન્યને એ દોષ ન આપી શકે. કર્મ-યોગી અન્યને દોષ આપે પણ નહિ.

આહાર, આશ્રય અને અંગ-ઢાંકણુની પ્રાપ્તિ થાય કે ન થાય એની જેને ચિંતા નથી તે મુનિ છે. તે સદા આત્મ-ધ્યાનમાં લીન છે. ધ્યાન એ જ એની પ્રવૃત્તિ છે. કાયાના સુખ દુઃખની એને ચિંતા નથી. આત્મ-પ્રગતિ તરફ જ એનું લક્ષ્ય છે. એ આત્મા પરમ કર્મ યોગી છે. એની પ્રવૃત્તિ પણ નિવૃત્તિ રૂપ જ છે. એ પ્રવૃત્તિ અન્ય માનવીની પ્રવૃત્તિ કરતા સદંતર ભિન્ન છે. આહારના અભાવમાં એ અકળાય નહિ. આશ્રયના અભાવમાં એ દીન ન બને. અંગ-ઢાંકણુનો અભાવ એને ખટકે નહિં. દેહની આવશ્યકતા માટે એ યાચના ભલે કરે પરંતુ તે રહે નિરીહ. ઐહિક અભિલાષાથી એ પર રહે.

સ્વાધ્યાય અને ધ્યાનમાં સતત્ સમય પસાર કરનાર અણગાર પ્રવૃત્તિથી રહિત નથી. એ પ્રમાદી નથી. જીવનના અંત સુધી અપ્રમાદી રહેવાની એની અભિલાષા છે. એ છે ઉત્તમ કર્મ યોગી. રખે કોઇ એને આળસુ કહે.

અણગાર માટે જે ભૂષણ રૂપ છે તે આગારી માટે કયારેક દૂષણ રૂપ પણ બને.

યાચના એ આગારી માટે દૂષણ છે. ગૃહવાસીને તેની આવશ્યકતા માટે પ્રવૃત્તિ કરવી ઘટે. પરંતુ જે પ્રાપ્ત થાય તેથી તે તૃપ્ત રહે. તેમાં લિપ્ત ન બને.


ઐહિક પ્રવૃત્તિ વેળા પણ કર્મ યોગી આત્માનું અંતર આત્મ-સમીપ હોય, અંતર

For Private And Personal Use Only

અન્યત્ર હોય એ પણ એને માટે સદ્ગુણ છે. સ્નેહથી એનું અંતર દૂર રહે. રાગમાં એનું અંતર ન અટવાય. દ્વેષ એની પાસે પણ ન આવે. સંસાર–નાટકનું એ માત્ર એક પાત્ર છે તે એ ન ભૂલે.

ગૃહ-કાર્યમાં અનાસક્ત માનવી ભગવત્–કાર્યમાં આસક્ત બને. શ્રી જિન-દર્શન અમૃતાંજનની જેમ એના નેત્રોને શીતળતા અર્પે. શ્રી જિન-ભક્તિમાં એનું હૈયું થનગની ઊઠે. ગુરુ–ચરણોમાં એનું શિર ઠરે. સાધર્મિકના દર્શને એના હૈયામાં વાત્સલ્ય પ્રગટે. પીડિત જનોને જોઈને એના નેત્રો ભીના બને. અહિંસા, સંયમ અને તપારાધનમાં એ ઉજમાળ બને. સમભાવમાં સ્થિત થાય યોગ્ય સમયે સંસાર-નાટક સમાપ્ત કરીને નિવૃત્તિના પંથે પ્રયાણ કરે.

આ છે વિશુદ્ધ કર્મ–યોગ....






## જૈન શારદા પૂજન વિધિ

દિવાળીના દિવસો નજીક આવી પહોંચ્યા છે, ત્યારે જૈન વેપારી ભાઈઓ દિવાળીના દિવસે વહીપૂજન અર્થાત્ સરસ્વતીપૂજન કરે ત્યારે કરવાની તથા બોલવાની વિગતવાર વિધિ આ પુસ્તિકામાં આપવામાં આવી છે આ ઉપરાંત શ્રી શારદા પૂજન વિધિમાં જોઈતી સામગ્રીની યાદી, સ્તુતિઓ, શાંતિ વિગેરે આપવામાં આવ્યા છે દરેક વેપારી ભાઈઓ માટે અત્યંત ઉપયોગી એવું આ પ્રકાશન છે

● કિંમત ફક્ત રૂા. ૫–૦૦ (પાંચ) ●

: પ્રાપ્તિસ્થાન : **શ્રી જૈન આત્માનંદ સભા**


ખોડીયાર હોટલ સામે–ખાંચામાં, ખારગેઈટ, ભાવનગર–૩૬૪ ૦૦૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# શું સચ્ચાઇની કદર નથી જ?



લેખિકા : **શ્રી કલાવતીબેન વોરા**

"નકામા તમે આવા સાચૂકલા થવા જાવ છો જયંતિભાઇ, અહીં સાચાની કદર જ કોને છે? દાંડાઇ કરે એ ડાહ્યા ગણાય, તેની વાહ-વાહ થાય, અને તે માલમાલ થાય એ જુદા, સાચાનો આ જમાનો નથી" ભૂપેન્દ્ર બોલ્યો.

સહુ જાણતું હતું કે મારા ભાગીદાર ચંપકલાલે મને હેરાન કરવામાં બાકી નહોતું રાખ્યું. અત્યંત મનદુઃખ અને ઘર્ષણ પછી આખરે ગયે વર્ષે અમે છૂટા થઇ શકયા હતા. હમણાં કંઇક કામ પડતાં જૂના ચોપડા ઉખેળતાં એક ગોટાળો મારી નજરે પડ્યો. અને આખો ચોપડો હું બારીકાઇથી તપાસી ગયો તો ખરેખર ગોટાળો રહી ગયો હતો. મારી પાસે આવેલા ઉઘરાણીના ત્રણ હજાર રૂપિયાની પાકી નોંધ કરવાની જ રહી ગઇ હતી. બધુ વ્યવસ્થિત જોઇ કરી, બીજા સાથે સંતલસ કરી હું ચંપકલાલભાઇના ભાગના પૈસા એને આપી આવ્યો.

આ વાત, કંઇક વાત નીકળતાં મેં જ્યારે ભૂપેન્દ્રને કરી ત્યારે તેણે ઉપલા શબ્દો કહ્યા. વળી મને કહ્યું : આમે એણે તમને છેતરવા, હેરાન કરવામાં શું બાકી રાખ્યું છે? ભગવાને જ એને એટલો બદલો દીધો. તમે નકામા જ આવા સાચા ને પ્રમાણિક થવા જાવ છો.'

અને ભૂપેન્દ્ર એકલો જ શા માટે જેને જેને મેં આ વાત કરી તેમણે બધાએ મને એના જેવી જ સલાહ આપી. સહુ કહેતું હતું, 'સચ્ચાઇની કોને કદર છે? બંધાઇ કરતા આવડે તે જ સાચા ગણાય. નકામા આવા વેદિયાવેડા કરો છો.'

બધાજ આમ કહે છે ને હું વિચારે ચડું છું. ત્યારે શું મેં ખોટું કર્યું? ચંપકભાઇએ મારી સાથે ઘણો અન્યાય કર્યો હતો. તો આટલા રૂપિયા મેં રાખી લીધા હોત તો એમાં ખોટું શું થાત! પણ અંદરથી કોણ જાણે કોણ કોઇ દલીલ કરે છે. એ બધા અન્યાયો કે છેતરપિંડી કબૂલ્યા પછી જ છૂટા થયા છીએ. અને 'ભૂલ-ચૂક લેવી-દેવી' તરીકે આ તો ત્યારપછી નીકળેલી વાત છે એટલે મારે તે આપી જ દેવા જોઇએ. પણ તો પછી આ બધા જ લોકો અને ભૂપેન્દ્ર વગેરે કહે છે તે શું ખોટું?

હું વિચારે ચડું છું શું ભૂપેન્દ્રની આ વાત સાચી છે? મારી નજર સમક્ષ અનેક પ્રસંગો તરી આવે છે, જ્યારે જ્યારે મેં સામાને અન્યાય થતો અટકાવવા કે કોઇનો ખોટો લાભ ન લેવાય એ માટે કે બને એટલી શુદ્ધ પ્રમાણિકતા રાખવા માટે મેં મારું મન જેને યોગ્ય કહેતું હતું, તેવું વર્તન કર્યું હતું. તો શું મારે તે તે વખતે એ રીતે નહોતું વર્તવું જોઇતું?

ઘણું ઘણું મને યાદ આવે છે. આમ ન કર્યું હોત ને એને બદલે આટલી જ જબરાઇનો, આટલા જ અન્યાયનો, આટલા જ જૂઠનો આશરો લીધો હોત તો! હા કયારેક આર્થિક ફાયદો થાત. કયારેક સત્તા મળી હોત. કયારેક પ્રશંસા પણ મળી હોત અને એ સાથે માન પણ અને એ બધા લાભોના મનમોહક ચિત્રો મારી નજર સમક્ષ ખડા થાય છે, કેવાં આકર્ષક છે એ સર્વે દશ્યો! એક ઘડી જાતને થઇ જાય છે કે ખરેખર ભૂલ કરી, આપણે આવાં સાચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાથી જરૂર જ ન હતી. કોને કદર છે આવી આપણી સચ્ચાઇની? ભૂલ માત્ર ભૂલ. ને એવી ભૂલોની પરંપરાના વિચારો પણ આવે છે. અને થોડી વાર માટે મન ગ્લાનિથી ભારેભારે બની જાય છે.

પણ ના, મતિની એ ભ્રાન્તિ છે. ભૂપેન્દ્રના શબ્દોના પડઘા શમતા જાય છે. તરત જ જાણે કોઇ કહે છે કે એમ મેં કર્યું હોત તો કશો જ ફાયદો ન થાત. ઘરમાં સંભવ છે કે વૈભવ વધારે હોત, સંભવ છે કે તેથી દ્વારપર મોટરોમાં ભરાઇને મળવા આવનારાઓની કતાર પણ લાગી હોત. પણ આજે જે મનને ગૌરવભરી સ્વસ્થતા પ્રાપ્ત થઇ છે, જે માનસિક શાંતિ મળે છે તે ન હોત. ત્યાં તો હરહંમેશ કોઇ ઠપકાર્યા જ કરતું હોત. આ બધું તો જૂઠને આભારી છે એ બધું થોડા વખતના દમામ માટે છે. હંમેશનું સુખ એમાં નથી જો એ જ સાચું હોત તો સનાતન સત્યનું શું થાત? એનું અસ્તિત્વ કેવી રીતે હોત!

કોણ કહે છે કે જીવનના શુભ તત્ત્વોની કયારેય કદર થઇ નથી? ખરી રીતે આખરે તો માણસને એની જ કદર છે, પેલી મોટરની કતારો તો લક્ષ્મીના ચંચળ આવાગમન સાથે જ આવાગમન કરવાની પણ શુદ્ધબુદ્ધિ દ્વારા મેળવેલો આદર જરાયે ક્ષીણ થયા વગર ટકી રહેવાનો.

માણસને એવા શુદ્ધ સનાતન તત્ત્વોની જો કદર ન હોત તો બુદ્ધ, મહાવીર જિસસ કે ગાંધીને શા માટે લોકો આજે આવી ભક્તિપૂર્વક યાદ કરતાં હોત! જો માણસમાં એવી કદરદાની ન હોત તો અબ્રાહમ લિંકન જેવા મહાન માનવતાના પ્રતિનિધિઓ કેવી રીતે પોતે પ્રાપ્ત કરેલો દરજ્જો અને કીર્તિ પ્રાપ્ત કરી ટકાવી શકયા હોત? દરેક ઉચ્ચ ગુણોની તેની કક્ષા મુજબ કદરદાની થાય જ છે! અપ્રમાણિકતાના બળે જ સફળતા પ્રાપ્ત કરવા ઇચ્છનાર અને સ્થૂળ લાભોને જ મહાન લાભો માનનાર માણસ દૂર સુધી જોઇ શકતો નથી. નહિ તો એમાં લાંબુ વિચારવાનું યે કયાં છે?

ભૂતકાળમાં જીવી ગયેલા જે જે માણસોને આદરપૂર્વક યાદ કરવામાં આવે છે તે તે માણસો તેમણે કરેલા સત્કૃત્યોને આધારે જ જનતામાં જીવી રહ્યા છે ને તેમના હૃદયમાંથી સન્માનભરી કદર મેળવી રહ્યા છે. ખંધાઇથી, અપ્રમાણિકતાથી, જૂઠથી, અન્યાયથી પ્રાપ્ત કરેલી સિદ્ધિને કે તેના સાધકને કયારે કોણ સન્માનથી બિરદાવે છે?

સમજવાનું તો એટલું જ છે કે ઉપરછલ્લા માનમરતબાથી કે વૈભવના ભપકાથી ભરમાઇ જઇ મનને, જાતને કે બીજાને છેતરવાના બધા રસ્તા આખરે નકામા જવાના છે. એનાથી કશું સ્થાયી, માનસિક યા પાર્થિવ સુખ મળવાનું નથી. એટલું જો વિચારીએ તો અધર્મના મોહક આવરણને આપણે ખરેખર દૂર ખસેડી શકીશું, અને સનાતન સત્યને સમીપે આગળ ધપી શકીશું.

આપણે પોતે સારી વસ્તુની, સનાતન મૂલ્ય ધરાવતા સત્યની, ઉચ્ચતાની, પ્રમાણિકતા, ન્યાય વગેરેની કદર કરનારા બનીશું તો બીજા પણ એ વસ્તુની કદર કરનારાનો આપણને સમાગમ થશે. અને 'દુનિયાને કદર નથી, દુનિયા, લુચ્ચાઓની છે, બદમાશોની છે', એવી આપણી પ્રતીતિ તદ્દન નહીં તો પણ ઘણા પ્રમાણમાં ખોટી છે એનો ખ્યાલ આવ્યા વગર નહીં રહે.

[ શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૬૫માંથી સાભાર ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કપર્દિ શ્રાવકની કથા

**દેવગુરૂની ભક્તિથી શ્રાવકો સુખી થાય છે.**
**અહીં શ્રી હેમચંદ્રાચાર્યના અનુરાગી કપર્દિ શ્રાવકનું દૃષ્ટાંત છે.**

---


એક વખત પાટણમાંથી હેમચંદ્રાચાર્યશ્રીને વંદન કરવા કપર્દિ શ્રાવક આવ્યો આચાર્ય મહારાજે સુખના સમાચાર પૂછયા. તેણે કહ્યું હે ભગવંત! મારા ઘરમાં દરિદ્રતા છે. દયાળુ ગુરૂ ભગવંતે કહ્યું કે **ભક્તામર સ્તોત્રનું દશમું કાવ્ય** 'નાત્યદ્ભુતં ભુવનભૂષણ! ભૂતનાથ!' એ છ માસ પર્યંત ગણવું અને તેની આરાધના વિધિ પણ બતાવી. ગુરૂ ભગવંતે બતાવેલી વિધિ પ્રમાણે આરાધના કરતા તેને એક વખત રાત્રિમાં શ્વેત વસ્ત્રથી ભૂષિત, સ્ત્રીવેશ ધારણ કરી ચક્રેશ્વરી દેવી તેની ઉપર પ્રસન્ન થઈ. તેણીએ કહ્યું કે 'તારે બત્રીશ માટીના ઘડા ઘરમાં સ્થાપન કરવા. કામધેનુ રૂપે હું ત્યાં આવીશ. તારે મને દરરોજ દોહવી. સર્વ માટીના ઘડા સોનાના થશે' તેથી તેણે દરરોજ સવારે ગાય દોહીને એકત્રીશ ઘડા ભર્યા. બત્રીશમાં દિવસે દેવીના પગમાં પડી શેઠ કહે છે કે હે માતા! તમારી કૃપાથી આ એકત્રીશ ઘડા સુવર્ણના થયા, બત્રીશમો ઘડો તે રીતે કરો કે જેથી હું પરિવાર સહિત રાજાને જમાડું. દેવીએ કહ્યું 'એ પ્રમાણે થાવ' ત્યાર પછી હર્ષ પામેલા શેઠે સવારમાં પરિવાર સહિત કુમારપાળ મહારાજાને આમંત્રણ આપ્યું. એક પ્રહર થવા છતા રાજાએ દૂતના મુખથી ભોજનની તૈયારી તેને ઘેર જોઈ નહિં 'અહો! એણે મારી સાથે મશ્કરી માંડી' આ પ્રમાણે રાજા વિચારમાં છે ત્યાં રાજાને શેઠ બોલાવવા માટે આવ્યા. પરિવાર સહિત રાજા તેને ઘેર ભોજન માટે આવ્યા. તે વખતે દેવી કામધેનુ ત્યાં રહેલી છે. બત્રીશમાં ઘડામાં સર્વ પ્રકારની ભોજન સામગ્રી તૈયાર થઇ ગઈ. અમૃત સરખા ભોજનના આસ્વાદથી અત્યંત પ્રસન્ન થયેલા રાજાએ પૂછયું 'આવી રસોઈ કયાંથી આવી' તિ શેઠે કહ્યું કે શ્રી આદીશ્વર જિનેશ્વરના ધ્યાનના પ્રભાવથી અને મારા ગુરૂ શ્રી હેમચંદ્રસૂરી મહારાજની કૃપાનું આ ફળ જાણવું. તેથી કુમારપાળ રાજા ગુરૂ ભગવંતના મહાપ્રભાવને અનુમોદન કરતા પોતાના સ્થાનમાં ગયા. તે કપર્દિ શ્રાવક ગુરૂકૃપાથી સુખી થયેલો. હંમેશા યુગાદિદેવ શ્રી આદીનાથ ભગવાનની આરાધનામાં તત્પર ગુરૂદેવની સેવા કરવામાં સાવધાન બની સાત ક્ષેત્રમાં ધન વાપરતો સાધર્મિકની ભક્તિ કરતો દીન અને અનાથ લોકોના ઉદ્ધાર કરતો પોતાનો જન્મ સફળ કરી સ્વર્ગસુખને પામ્યો.

ઉપદેશ :– શ્રી યુગાદીદેવના ધ્યાનના પ્રભાવથી સુખી થયેલા ગુરૂભક્ત કપર્દિ શ્રાવકનું સુંદર દૃષ્ટાંત સાંભળી તમે પણ તે પ્રમાણે આરાધના કરનારા થાઓ.

–પ્રબંધ પંચશતીમાંથી.

પેષક : દિવ્યકાંત સલોત–ભાવનગર

For Private And Personal Use Only



## કરો તેવું પામો....

यादृशेनैव भावेन,
कार्यमातनुते जनः ।
अशुभ वा शुभ वापि,
फलं प्राप्नोति तादृशम् ॥

卐

- માણસ જેવા શુભ કે અશુભ ભાવથી કામ કરે છે તેવું શુભ કે અશુભ ફળ પામે છે.

卐

- A person acquires the good or bad fruit of his action according to his good or bad attitude of mind in doing it.

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
C/o. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only